

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચીન રવાડે, ચઢે ભવાડે, હાથે કરીને -*
*મારે છે ખૂદ પગે કુહાડો, હાથે કરીને -*
*હાથે કરીને, હાટડી બંધ, હાલતી'તી કયાં ?*
*ચઢાવે છે વીંછી છાંણાં પર હાથે કરીને -*
*(પાકિસ્તાને વ્યાપારિક સંબંધ કાપ્યા)*

હાઈકુ

*ને હતાશા માં,*
*થ્યા હાંફળા - ફાંફળા,*
*રન આઉટ*
*(ઈમરાન)*

*થયા આઉટ*
*વિશ્વના મેદાનથી*
*ઈમ (હે) રાન*

### ચિંતન

**અજ્ઞઃ સુખમારાધ્યઃ સુખતરમારાધ્યતે વિશેષજ્ઞઃ ।**
**જ્ઞાનભવ - દુર્વિદ્ગ્ધં બ્રહ્માપિ તં નરં ન રજ્જયતિ ॥**

ઉપરોક્ત શ્લોક ભર્તૃહરિ નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

જે અજ્ઞાની છે એને સમજાવી શકાય અને એ જ પ્રમાણે જ્ઞાની છે એને પણ સમજાવી શકાય, પણ જે અજ્ઞાની હોવા છતાં પોતાને જ્ઞાની માને છે, એને તો બ્રહ્મા પણ ન સમજાવી શકે.

વિચારો કરવા, વિચારોનું આદાનપ્રદાન કરવું અને આવા આદાનપ્રદાન પછી સમજણનો વ્યાપ વધારવો એ સુખપ્રાપ્તિનું એક લક્ષણ ગણાયું છે. જે માણસ સમજતો નથી, અમુક ચોક્કસ વિષયમાં જ્ઞાન ધરાવતો નથી અને પોતે અજ્ઞાની છે એવું જ જાણે છે એવા માણસને સમજાવવો સાવ સરળ હોય છે. આનું કારણ એ છે કે પોતે જાણતો નથી એ વિશે એ સભાન હોય છે.

જે સમજદાર છે એ પોતાના જ્ઞાન કે સમજદારીને વધુ વિસ્તૃત કરવા માટે પણ તત્પર જ હોય છે. આવા વ્યક્તિ નવા જ્ઞાનનો તરત સ્વીકાર પણ કરે છે.

પણ જે અજ્ઞાની હોય અને છતાં પોતાને અજ્ઞાની ન માનતો હોય પણ પોતે જ્ઞાની છે એવા ભ્રમમાં રાચતો હોય એવા માણસને કોઈ પણ વાતો સમજાવવો દુષ્કર હોય છે.

### સુવિચાર

- આપણે ખુલ્લા થવાથી, પ્રાપ્ત થતી સમજથી ડરીએ છીએ,પણ નિર્દોષતાની, નમ્રતાની તાકાત બેસુમાર છે. આથી ભૂલ સ્વિકાર સતત થવી જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનની સમસ્યાઓ અને પડકારો તો પ્રભુનાં પ્રેમપત્રો છે, પ્રભુના અક્ષરો સાફ કે સરળ નથી, તેથી બુદ્ધિ તેને સરળતાથી વાંચી શકતી નથી - **રજનીશ**
- તમે જે એકત્ર કર્યું છે તેના તમે ગુલામ બન્યા છો - **અરવિંદ**
- બોલો નહિ, કરો, ઘોષણા નહિ સિદ્ધ - **શ્રી માતાજી**
- માણસ જેમ વિચાર ઓછો કરે છે તેમ એ વાતો વધુ કરે છે - **એન્ટોન ચેખોવ**
- ફક્ત મૂંગાને મદદ કરવા જ બોલજો, જાતને મદદ કરવા મૌન રાખજો - **નવનિત**
- આજનું ઔષધ : કાંદા ઘીમાં શેકીને નિયમિત ખાવાથી ક્ષય રોગીનાં ફેફસાં મજબૂત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મૃગાપુત્રનો જન્મ અતિ ધનવાન પરિવારમાં થયો હતો. અપાત સમૃદ્ધિ હોવા છતાં તેમને આંતરિક ઉચાટ રહેતો હતો. એમની આસપાસના ધનિકોને પણ કોઈને કોઈ ચિંતા અને વ્યથા રહેતી હતી. એક વાર મૃગાપુત્રએ મુનિને જોયા. એમના ચહેરા પર તેજ હતું. એમની ચાલમાં ઉત્સાહ હતો. આંખોમાં આનંદની મસ્તી હતી. હોઠ ઉપર મંદ મંદ હાસ્ય હતું. અને નિશ્ચિત બની તેઓ ચાલી રહ્યા હતા. મૃગાપુત્રને થયું આ મુનિ પાસે કોઈ ધન-વૈભવ કે સુખ સાહ્યબી નથી છતાં કેવા પ્રસન્ન છે ! આજ સુધી આવો પ્રસન્ન ચહેરો કયાંય જોયો નથી. મૃગાપુત્રએ મુનિને પૂછ્યું, 'આપની પ્રસન્નતા અને અમારા જેવાની ચિંતા અને ઉચાટ ભર્યા જીવન બાબતે કંઈક કરો.' મુનિરાજે કહ્યું, 'સાંસારિક ભોગ-ઉપભોગની ઈચ્છા દુઃખનું મુખ્ય કારણ છે. જે સાંસારિક ઈચ્છાઓને સિમિત કરી શકે છે. એ સુખી રહી શકે છે.' મૃગાપુત્રનું ભીતર જાગી ઉઠ્યું એમણે માતાપિતાને કહ્યું, 'મેં બધા સુખો ભોગવી જોયા પરંતુ સુખી થઈ શક્યો નથી. હવે હું મારું જીવન શ્રવણ (સાધુ) તરીકે વીતાવવા ઈચ્છું છું.' માતાએ કહ્યું, 'અત્યાર સુધી તું જે સુખ સગવડોમાં રહ્યો છે, તો સાધુ થયા પછી તું બિમાર પડી જાય તો તારી સંભાળ કોણ લેશે?' મૃગાપુત્રએ કહ્યું, 'માતા, ઘનઘોર જંગલમાં હરણ કે બીજા પશુ પક્ષીઓ વસે છે તેઓ બિમાર પડે છે ત્યારે એમની સેવા સુશ્રુષા અને તેમનો ઉપચાર કોણ કરે છે?' માતા આ પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નહીં. અને મૃગાપુત્ર એમના આશીર્વાદ લઈ વનમાં સાધના કરવા ચાલ્યા ગયા.

# કાશ્મીર માટે અચ્છે દિન

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ પ્રવચનમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખના સર્વાંગી વિકાસની ખાતરી આપીને ફક્ત સ્થાનિક પ્રજાને જ નહીં બલકે દેશ આખાને આ અલ્પવિકસિત રહી ગયેલા ભારત માતાના ટુકડાને શરગારવાનું આહવાન કર્યું છે. સૌ જાણે છે કે આ પ્રદેશ એક રીતે બે પ્રતિષ્ઠિત પરિવારોએ બાનમાં લીધેલો હતો. વારાફરતી અબ્દુલ્લા અને મુફતી પરિવારના સભ્યો સત્તા ભોગવતા રહેલા કારણ કે સામાન્ય પ્રજા પાસે બીજો વિકલ્પ જ ન હતો. અદલ આર્મીના સકંજામાં ફફડતી પાકિસ્તાની લોકશાહીના શહેનશાણો જેવો જ આ બે પરિવારોનો કાશ્મીર પર સુવાંગ કલજો થઈ ગયો હતો, ફરક એટલો કે મોદીશાસન પૂર્વે એમને કે અર્ધલશ્કરી દળોનો પણ ડર નહોતો, અલગતાવાદી તત્ત્વોને છૂટો દોર આપતી આ શાસનશૈલી ખુદ વાજપેયી સરકારનાં વર્ષો દરમિયાન પણ અકબંધ રહી હતી. મોદીએ બરાબર લાગ જોઈને ઘા કર્યો અને આખો સિનારિયો જ ધરમૂળથી બદલાઈ ગયો. અત્યારે નજરકેદ રખાયેલા કાશ્મીરના મુઠ્ઠીભર પ્રસ્થાપિત નેતાઓ કે કોંગ્રેસના કાશ્મીરી નેતા ગુલામનબી આઝાદ ગમે તેટલી કાગારોળ કરશે તો પણ કેન્દ્ર સરકારનું પેટનું પાણી હાલવાનું નથી. એમનો અને પાકિસ્તાનનો સૂર એક જધૂન વગાડતો વરતાશે એટલે ઊલટાના લોકો જનમાનસમાંથી હંમેશને માટે ફેંકાઈ જશે. કોંગ્રેસના પ્રથમ પરિવારને પણ એના કાશ્મીર અંગેના વલણ સંદર્ભ ખુદ પાર્ટીમાં જાકારો મળી રહ્યો છે. કાશ્મીરના ભૂતપૂર્વ રાજવી ડૉ. કર્ણસિંહથી લઈ મધ્યપ્રદેશના મેધાવી નેતા જયોતિરાદિત્ય સિંધિયા સુધીના અગ્રણી કોંગ્રેસીઓ મોદી-શાહના હિંમતભર્યા પગલાનું સમર્થન કરી રહ્યા છે. વૈશ્વિક સ્તરે પાકિસ્તાન અને કાશ્મીરના પ્રસ્થાપિત રાજનેતાઓ કાગારોળ કરશે તો પણ વર્તમાન સંજોગોમાં કોઈ ભારતને માઠું લગાડવાની હિંમત કરી શકે એમ નથી. અમેરિકાએ એનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ખંધું ચીન પણ ખુલ્લું પડીને ભારતનો વિરોધ ત્યારે જ કરશે જયારે આપણે પાક અધિકૃત કાશ્મીરનો કબજો મેળવવા પ્રયાસ કરીશું. મોદી અને શાહની રણનીતિ અકળ હોય છે. પરંતુ એ બરાબર લોઢું ગરમ હોય ત્યારે જ ઘણ ઉઠાવે છે. વર્તમાન સંજોગોમાં લશ્કરી સકંજામાં લીધેલા કાશ્મીરને વિકાસનાં સપનાં બતાવીને અને ત્યાંના યુવાનોને રોજગારીની નવી તકો સંપડાવીને પ્રજાનું દિલ જીતવાનો જ પ્રયાસ થશે. એ સાચું કે મુખ્યધારામાં આવી ગયેલ કાશ્મીરને વિશ્વનું ટોપ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનાવી શકાય એમ છે. એથી અંતે તો સ્થાનિક પ્રજાજનોને જ ફાયદો થવાનો છે. ગુજરાત મોડેલ પર કાશ્મીરનો વિકાસ કરી એની અંતર્નિહિત ક્ષમતા મુજબ વિશાળ બજાર અપાવી શકાય એમ છે. એ સાથે જ દેશના અન્ય પ્રદેશોમાંથી ઉદ્યોગ સાહસિકો અહીં એમનાં એકમો ઊભાં કરી શકશે. બોલીવૂડ માટે કાશ્મીર કયારેક અનિવાર્ય ડેસ્ટિનેશન હતું. આતંકવાદી પ્રવૃત્તિઓ વધી જતાં પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરની દુર્દશા થઈ. અહીં બાકીના ભારત જેવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ કે તબીબી સુવિધાઓ ઊભી ન કરી શકાઈ. હવે એ બધું જ ઝપાટાબંધ થઈ શકશે - શરત એટલી કે પ્રજા સામે ચાલીને એ માટે જરૂરી સહયોગ આપે. કાશ્મીરની અત્યાર લગી એક નાના કૂંડાળામાં પુરાઈ રહેલી પ્રજા માટે વ્યાપક તકોની સંભાવના સરજાઈ છે. મોદી અને શાહની જોડીએ વહેલી તકે કેન્દ્રશાસિત પ્રદેશને પુનઃ પૂર્ણકક્ષાના રાજયનો દરજ્જો આપવાનું પણ વચન આપ્યું છે. ફક્ત લદ્દાખ કેન્દ્ર શાસિત પ્રદેશ રહેશે અને એ નિર્ણયથી તો લદ્દાખમાં ચૂંટાયેલા પ્રતિનિધિ પોતે જ રાજીના રેડ થઈ ગયા છે. હર્બલ મેડિસીનથી લઈ આધ્યાત્મિક સાધના માટે લદ્દાખથી વધુ લાયક ભૂમિ દુનિયામાં શોધી જડે એમ નથી. આજ સુધી લદ્દાખ જમ્મુ અને કાશ્મીર રાજયનો એક ઉપેક્ષિત જિલ્લો માત્ર હતો. હવે એ સીધો જ કેન્દ્ર હસ્તક આવી જતાં ત્યાં સોનાનો સૂરજ ના ઊગે તો જ નવાઈ.

## સૂર્ય કિરનો કે બિના, ખૂશ્બૂ હવા કે બિના ઔર રાજા પ્રધાન કે બિના અધૂરા હૈ...

સૂર્ય કિરનો કે બિના, ખૂશ્બૂ હવા કે બિના ઔર રાજા પ્રધાન કે બિના અધૂરા હૈ...

- બાજીરાવ મસ્તાની



**ડાયલોગથી દેવભાષા**

ડૉ. જય ઓઝા

ઈ.સ. ૨૦૧૫માં ઓવલી રણબીરસિંહ અને દીપિકા પાદુકોણે અભિનિત આ ફિલ્મ તે વર્ષની બ્લોકબસ્ટર રહી હતી. સંજય લીલા ભણસાલી દિગ્દર્શિત આ ફિલ્મ નાગનાથ એસ. ઈમાનદાર દ્વારા લિખિત નવલકથા પર આધારીત હતી. ફિલ્મની પટકથા પ્રકાશ કાપડિયાએ લખી હતી.

'બેસ્ટ ફિલ્મ' નો અને 'બેસ્ટ એક્ટર' નો ફિલ્મફેર એવોર્ડ પણ આ ફિલ્મને મળ્યો હતો.

ઉપરોક્ત સંવાદ ફિલ્મમાં મહેશ માંજરેકરનાં મુખે બોલાવવામાં આવ્યો છે. રાજા ગમે તેટલો બળશાળી કેમ ન હોય, તે એક બાહોશ પ્રધાન(મંત્રી) વગર અધૂરો જ હોય છે.

આવા જ અર્થસામ્ય વાળો એક શ્લોક 'શુક્રનીતિ'માં મળી આવે છે.

**સર્વવિદ્યાસુ કુશલો નૃપઃ હ્યપિ સમુન્ત્રવિત્ ।**
**મન્ત્રિભિસ્તુ વિના મન્ત્રં નૈકોડર્થ ચિન્તયેત્ કવચિત્ ॥**

- રાજા પોતે ભલે સર્વ વિદ્યામાં કુશળ હોય, તેમ છતાં તેણે સારા મંત્રીની સલાહ હંમેશા લેવી.

લાગે છે ને કે જાણે મહેશ માંજરેકર 'શુક્રનીતિ' વાંચીને જ ફિલ્મનું શૂટિંગ કરવા ગયા હશે...

શુક્રનીતિ એક પ્રસિદ્ધ નીતિગ્રંથ છે. આની રચનાકાર 'શુક્ર' એ મહાભારત કાળના 'શુક્રાચાર્ય' હોવાનો મત મળી આવે છે. શુક્રનીતિમાં ૨૦૦૦ જેટલા શ્લોક છે. ગ્રંથની વિષયવસ્તુ અને શૈલીને કારણે આ ગ્રંથ 'કૌટિલ્ય'ના અર્થશાસ્ત્ર પછી રચાયો હશે તેવું મનાય છે. વિદ્વાનોમાં મતભેદ હોવા છતાં બધા એકસૂરે તેવું તો માને જ છે કે આ વૈદિકકાલીન સાહિત્ય નથી.

કાશીપ્રસાદ જયસ્વાલના મત અનુસાર આ ગ્રંથ આઠમી શતાબ્દીની રચના છે.

મનુ મૂલતઃ ધર્મશાસ્ત્ર, કૌટિલ્ય 'અર્થશાસ્ત્ર' તો શુક્ર રાજયશાસ્ત્ર વિશે પ્રકાશ પાડે છે.

શ્રી અલ્ટેકરના મતે રાજનીતિનો આ ગ્રંથ અને તેની ઉપયોગિતા સાંપ્રત સમયમાં પણ એટલી જ ઉપયોગી છે, જેટલી તે સમયે હતી.

રાજા (ન.મો.) બળશાળી હોય પરંતુ મંત્રી (અ.શા.) જો બાહોશ મળી જાય તો કેવા સુંદર પરિણામ આવી શકે છે, તે આપણે એક સપ્તાહથી જોઈ જ રહ્યા છીએ.

લાગે છે કે શુક્રનીતિની એક પ્રત પી.એમ.ઓ.માં પણ સચવાતી હશે.

jayuoza@gmail.com
Mo.9898046488

## રવિવારે સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વિસરાતી ગરવી ગુજરાતી માતૃભાષામાં લોકોનો ઊંડો રસ કેળવાય અને માતૃભાષાનો વ્યાપ વધે અને તેમાં માતબર ખેડાણ થાય તથા માતૃભાષા સદાય મધમધતી, મહેંકતી અને ધબકતી રહે તે માટે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાતા કાર્યક્રમોમાં, 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ અંતર્ગત, ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક, કવિ, લેખક અને પત્રકાર દિનેશ દેસાઈ તેમની સર્જન પ્રક્રિયાની વાતો કરશે તેમજ તેમની રચનાની સ્વમુખે પ્રસ્તુતિ તા.૧૧મી ઓગસ્ટને રવિવારના રોજ સાંજે ૫.૦૦ વાગે, યુથ હોસ્ટેલ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે કરશે. આથી કવિની રચનાઓની મધઝરતી ભીનાશ શ્રાવણના સરવરિયાની સાથે માણવા, સંસ્થાના સભ્યો, સાહિત્ય રસિકો-ભાવકો તથા મહાનુભઆવોને પધારવા પ્રમુખ નટવર હેડાઉ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● વ્યકિતત્વના પ્રાણસી માતૃભાષા ગુજરાતીના સત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ભાષાશાસ્ત્ર તથા વ્યાકરણની સમજૂતિ માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા પચ્ચીમસી કાર્યશાળા, ૧૦મી ઓગસ્ટને શનિવારે ૩.૩૦ વાગે ચિલ્ડ્રન યુનિ.ના સભાખંડમાં, સેકટર-૨૦ ખાતે યોજાશે,જેમાં એક આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી, સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર અને ઉત્તમ પ્રશિક્ષક તથા ગુજરાતી વ્યાકરણના અભ્યાસુ અને ગાંધીનગર સાહિત્ય સભાના મહામંત્રી કલ્પેશભાઈ પટેલ 'ગુજરાતી વ્યાકરણમાં સમાસ અને સંધિ (ભાગ-૩)'નો રસપ્રદ વિષય પોતાની આગવી શૈલીમાં ભણાવશે તથા ભાષા સજ્જતા વધારવા કિશોર જિકાદરા તળપદા શબ્દો સમજાવશે અને જય ઓઝા ભાષા વિજ્ઞાનમાં પ્રાચીન ભારતની સિદ્ધિઓની એક ઝલક આપશે. આ કાર્યશાળામાં પધારવા સંયોજક સંજય પડ્યાએ આમંત્રણ પાઠવ્યું છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# સંતવાણી : સવ્યસાચિ એવોર્ડ અને ડૉ. નિરંજન રાજ્યગુરુ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

આપણાં સમર્થ સંશોધક તથા સર્જક ઝવેરચંદ મેઘાણીને સંતસાહિત્ય તરફ એક વિશેષ આકર્ષણ રહ્યું હશે. મેઘાણીના સર્જનો તો અનેકવિધ તેમજ અનેક દિશાના હતા. પરંતુ આ બધી વ્યસ્તતા વચ્ચે પણ ભજનિક સંતોની વાણીને કેન્દ્રમાં રાખીને કામ કરવાની તેમની મહેચ્છા રહી હશે. આથીજ જીવનની આથમતી સંધ્યાએ પોતાનીજ નોંધપોથીઓમાંથી જતનથી ટપકાવેલી રચનાઓમાંથી ત્રણ ચાર સંગ્રહો કરવાની તેમની અંતરની ઉમેદની વાત મહેન્દ્ર મેઘાણીએ 'સોરઠી સંતવાણી' પુસ્તકના નિવેદનમાં લખી છે. નીયતિનો ક્રમ જુદો હતો. મહેન્દ્રભાઈએ લખ્યું છે તેમ ભજનવાણીમાં મેઘાણીના પ્રાણ વિરામ મેળવી રહ્યા હતા. પરંતુ ઓચિંતાજ આ સર્જક ચિર વિરામ મેળવવા માટે સંતોના સાનિધ્યમાં સદાકાળ રહેવા અનંતની યાત્રાએ ઉપડી ગયા. મહેન્દ્ર મેઘાણીએ પોતાના પિતાની લાગણીને લક્ષમાં રાખીને મેઘાણીની પ્રથમ માસિક પુણ્યતિથિએ "સોરઠી સંતવાણી" જગતના લોક સમક્ષ મૂકી. સંતવાણી તરફનો આવો ઉત્કટ ભાવ એ સર્જક મેઘાણીના હર્યા ભર્યા વ્યક્તિત્વનો અભિન્ન ભાગ હતો. ભજનવાણીના આ અમૃત રસને માણી લેવા ગંગાસતીએ પણ પાનબાઈને સાનમાં સમજાવ્યું હતું.

માણવો હોય તો રસ
માણી લેજો પાનબાઈ !
હવે આવી મૂક્યો પિયાલો.
કહેવું હતું તે કહી દીધું પાનબાઈ !
હવે રહેણી પાળવા હેતથી હાલો-
રહેણી થકી રામ રીઝે, પાનબાઈ !
રહેણી થકી રોમરોમ ભીંજાય.

સંતવાણીની આ ઉજળી પરંપરાને સમૃધ્ધ કરીને નિરંતર વહેતી રાખવામાં ડૉ. નિરંજન રાજ્યગુરુનું એક આગવું પ્રદાન છે. આથીજ પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી એવોર્ડ ૨૯ જૂન – ૨૦૧૯ ના દિવસે વિશ્વકોશમાં ડૉ. નિરંજન રાજ્યગુરુને આપવામાં આવ્યો તે નિરંજનભાઈની અવિરત સંશોધન યાત્રાને મળેલું ઉચિત સન્માન છે. નિરંજનભાઈએ પણ ડૉ. ક્ષિતિમોહન સેન તેમજ મેઘાણીભાઈના માર્ગે સતત પ્રયાસો કર્યા. વિસરાતા જતા વારસાને મેળવીને તેને જાળવવાનો આ એક ઐતિહાસિક પ્રયાસ હતો. નિરંજનભાઈએ ભાવી પેઢીઓ સુધીઆ અમૂલ્ય સાહિત્ય સરળતાથી પહોંચે તે માટે વેબસાઈટ પણ વિકસાવીને જગતભરના મર્મીઓ સમક્ષ સાહિત્યનો આ અમૂલ્ય ખજાનો ધરી દીધો. આ સદકાર્યથી જગતના સાહિત્ય મર્મીઓ તો લાભાન્વીત થશેજ. પરંતુ નિરંજનભાઈ તો મકરંદી મીજાજથી આ કાર્ય આટોપીને આગળની યાત્રામાં ગતિશીલ રહ્યાછે. જે વાવ્યું છે તે ઉછેરવા – ઉઝેરવાનું કામ તો કુદરત કરશેજ. મકરંદભાઈએ લખ્યું છે :

" વેર્યા છે બીજ અમે છૂટ્ટે હાથે
હવે વાદળ જાણેને વસૂંધરા "

પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરના વ્યક્તિત્વના અનેક ઉજળા હીસ્સા હતા પરંતુ આમાનો એક મહત્વનો ભાગ તે તેમના 'ઈન્સ્ટીટ્યૂશન બીલ્ડર' તરીકેના કાર્યનો હતો. વિશ્વકોશનું નિર્માણ કરવા ઉપરાંત કુમારપાળ દેસાઈ તેમજ કવિ ચન્દ્રકાન્ત શેઠ જેવા સમર્પિત લોકોને આ કાર્યમાં જોડીને તેમણે વિશ્વકોશને સ્થાયી સ્વરૂપ આપવાનું દીર્ઘદ્રષ્ટિયુક્ત કાર્ય કર્યું. રાજ્ય સરકાર તેમજ શ્રેષ્ઠીઓએ પણ ધીરુભાઈની કાર્યનિષ્ઠામાં વિશ્વાસ રાખીને મોકળા મને આર્થિક સહાય કરી. આજે બાળવિશ્વકોશના સમૃધ્ધ નિર્માણ ઉપરાંત વિશ્વકોશનું બિલ્ડીંગ અનેક પ્રવૃત્તિઓથી સતત ધબકતું રહે છે. વિશ્વકોશ એ અમદાવાદ શહેરની શોભા છે.

ડૉ. નિરંજન રાજગુરુ જેવા સૌજનયશીલ તેમજ તળના માણસનું સન્માન એ ઘણી આવકારપાત્ર બાબત છે. નિરંજનભાઈ એ ઘોઘાવદર ગામની ઓળખ સમાન છે. પરંતુ ઘોઘાવદરનું નામ લઈએ કે તરતજ દાસી જીવણનું સ્મરણ થાય છે. ઘોઘાવદર ગામ એ ગોંડલની નજીક એટલે ગોંડલના પ્રજાપ્રિય રાજવી ભગવતસિંહજીનું પણ સ્મરણ થાય. નિરંજનભાઈને સાંઈ મકરંદ દવેના સંપર્કનો પણ લાભ મળ્યો. દાસી જીવણના ભજનો વિશે થીસીસ લખીને નિરંજનભાઈએ ડૉકટરેટ મેળવ્યું. આ બાહ્ય પદવી મળી તે તો ખરુંજ પરંતુ દાસી જીવણના સર્જનો મારફત નિરંજનભાઈએ સંતવાણીના ઉચ્ચ તેમજ દેદીપ્યમાન શીખરોનું દર્શન કર્યું. નિરંજનભાઈને અનેક એવોર્ડ મળ્યા છે. સવ્યસાચી સન્માનથી તેઓ વિશેષ વિભૂષિત થયા છે. તેમને મળો તો તરતજ સમજાય કે આ માણસ સન્માનને પચાવી જાણે છે.

લોકસાહિત્ય કે સંતસાહિત્ય એ કંઠોપકંઠ કહેવાતી અને ઝીલાતી પ્રથા હોવાથી તેના સુરેખ દસ્તાવેજીકરણનું કામ ઓછું થયું છે. જે થયું છે તે માત્ર સમુદ્રમાં રહેલી હીમશિલાની બહાર દેખાતી ચોટી જેટલું છે. બહુરત્ના વસુંધરાના અનેક પ્રતાપી સંતાનોએ જોકે આ સંશોધન – સંપાદન કાર્યને ઝાંખુ પડવા દીધું નથી. સૌરાષ્ટ્રના લોકસાહિત્ય કે સંતસાહિત્ય માટે મેઘાણી ઉપરાંત જયમલ્લ પરમાર, ડૉ. પુષ્કર ચંદરવાકર, રતુભાઈ રોહડીયા, જોરાવરસિંહ જાદવ કે ડૉ. બળવંત જાની જેવા અનેક ધન્યનામ લોકોએ કાર્ય કર્યું છે. નિરંજનભાઈ આ ઉજળી સાંકળની એક મજબૂત કડી સમાન છે. મોટર સાઈકલ ઉપર સવારી કરીને લાંબી મુસાફરીઓ નિરંજનભાઈએ કરી છે. મરજીવાની જેમ ઊંડા તળ તપાસીને તેમણે મોતી ગોત્યા છે. આ કાર્ય નિષ્ઠા તેમજ નિર્ધારના સમન્વયથીજ થઈ શકે તેવું છે. લોકસાહિત્ય કે લોકસંસ્કૃતિ સાથે જોડાયેલા આવા એક સાધકને સાતમો સવ્યસાચી એવોર્ડ જાય છે તેમાં એવોર્ડ ચયન સમિતિની વિશાળ દ્રષ્ટિનું દર્શન થાય છે. શિષ્ટ સાહિત્ય સાથેજ લોકસાહિત્યના વધામણા એ સાચી દિશાનો તેમજ સમજપૂર્વકનો પ્રયાસ છે. ઠાકર સાહેબની સ્મૃતિને વંદન કરીને નિરંજનભાઈને અભિનંદન તેમજ શુભેચ્છાઓ આપવાનો આ સમય છે.

# મીઠા સત્યાગ્રહના મુદ્દે ખુદ સરદાર પણ વિરોધમાં હતા છતાં રહ્યા ગાંધીની સાથે જ



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

**સરદાર પટેલે ગાંધીજીના વિચારને સ્વીકારીને પહેલી ધરપકડ વહોરી હતી**

ગાંધીજીએ જ્યારે ભારતના ગરીબ-તવંગર, આબાલ-વૃધ્ધ દરેકને સીધા સ્પર્શતા મીઠાના કાયદા સામે શાંત રાહે કૂચ કરીને સ્ત્યાગ્રહ કરવાનો નિર્ણય જાહેર કર્યો ત્યારે અનેક સાથીઓને આ વિચાર બહુ પ્રતિસાદ આપવા જેવો લાગ્યો નહતો. ઘણા સાથીઓ પણ આ વિચારથી આઝાદીની લડતને કઇ રીતે જોડી શકાય એ બાબતે પણ સંશય હતો. ગાંધીજીએ જ્યારે મીઠાના કર સામે લડત ઉપાડીને જ્યારે કૂચ કરવાનો વિચાર રજૂ કર્યો ત્યારે સરદાર પટેલ સહિત અનેક સાથીઓએ તેનો વિરોધ પણ કર્યો હતો તો રાજેન્દ્રપ્રસાદ જેવા સાથીએ એવો પણ વિચાર રજૂ કર્યો કે મીઠું તો દરિયાકાંઠે જ પાકે, ભારતમાં જે વિસ્તારોમાં દરિયોના હોય અને મીઠું પાકતું ન હોય ત્યાં ત્યાં જે તે સ્થાનિક પ્રશ્નોને ધ્યાનમાં લઈને સત્યાગ્રહ શરૂ કરવો જોઈએ. જોકે ગાંધીજીએ આ બાબતને પણ સ્વીકારી નહીં. તેમણે કહ્યું કે મીઠું એ દરેકને સ્પર્શતી બાબત છે. એટલે મીઠા નાકર સામે જ વિરોધ થવો જોઈએ. જો કોઈ પ્રદેશમાં મીઠું પાકતું ન હોય તો ત્યાં પ્રતીકાત્મક રૂપે જાહેર સ્થળો ઉપર મીઠું પકવવાનો પ્રયાસ કરીને સરકારની સામે પોતાનો વિરોધ નોંધાવવો જોઈએ. મોતીલાલ નહેરુએ પણ ગાંધીજીને મીઠાની લડત સામે પત્ર પાઠવીને એવો પ્રશ્ન કર્યો હતો કે' ઈસસે હોગા ક્યા' અને ગાંધીએ ટૂંકો ને ટચ જવાબ આપ્યો: 'આજમા કે દેખ લો'. મોતીલાલ નહેરુએ ગાંધીનો આદેશ માથે ચડાવ્યો. અલ્હાબાદમાં પ્રતીકાત્મક રીતે મીઠું પકવવાના પ્રયાસ બદલ પોલીસે તેમની ધરપકડ કરી. તેમણે ગાંધીને વળતી ટપાલ લખી કે 'બાપુ આજમા કે દેખ લિયા'. આમ દેશભરમાં મીઠું પાકતું હોય કે ન પાકતું હોય પણ મીઠા ઉપરનો વેરો ભારતના ભારતીયોને પરેશાન કરી રહ્યો છે એ મુદ્દા ઉપર વ્યાપક જનમત જાગૃત થયો અને ૧૯૧૫માં સ્વદેશ પરત આવેલા મહાત્માને દોઢ દાયકા પછી સમગ્ર ભારતીયોને સત્ય અને અહિંસાના સૂત્ર સાથે એક સમાન રીતે સાંકળવામાં સફળતા મળી. ગાંધીજીએ જે વિચાર્યું હતું એવું જ થયું માત્રને માત્ર વિરોધ આંદોલન મીઠા મીઠાના કરની સામે કેન્દ્રિત કરીને તેમણે એક જ આંદોલન દ્વારા સમગ્ર ભારતીયોને જોડી દીધા. મહાત્મા ગાંધી માટે એ બાબત પણ ખૂબ જ ઉપકારક રહી કે સરદાર પટેલ હોય કે રાજેન્દ્ર બાબુ હોય કે હોય મોતીલાલ નહેરુ તેમણે ગાંધીની વાત ઉપર ભલે પોતે સંમત ના હોય પરંતુ વિશ્વાસ મૂક્યો. વિશ્વાસ મૂક્યો એટલું જ નહીં પોતાની અસંમતિ હોવા છતાં પણ ગાંધીજીએ જે સૂચવ્યા પ્રમાણેના કાર્યક્રમો પણ તેમણે આપ્યા અને પ્રદેશે-પ્રદેશે જનસામાન્યને સ્વરાજની લડતમાં જોડી દેવાનું બહુ મોટું કામ કર્યું. ગાંધીજીના એક સુકાની તરીકેના કાર્યોનું ઉમદા અને ઉજ્જવળ પાસું આ છે. તેમની સાથે જોડાયેલા પૈકીનો એક પણ નેતા મહાત્મા ગાંધીના વિચારના સામા છેડે હોય તોપણ તેમની સામે પડ્યા હોય એવું બન્યું જ નહીં.

મહાત્મા ગાંધીએ દાંડીકૂચમાં ના-કરની સાથે આગવી રીતે સ્થાનિક પ્રશ્નોને પણ વાચા આપવાનું કામ કર્યું. પરંતુ આ કામ પહેલા તેમણે પ્રત્યેક ભારતીયને મીઠા ના કર ની લડતમાં જોડીને જ કામ શરૂ કર્યું. ૧૯૩૦ની ૬ઠ્ઠી એપ્રિલે ચપટી મીઠું ઉપાડયા પછી સ્વાતંત્રની લડતમાં મહિલાઓને જોડવાનું ઉત્તમ કામ તેમણે કર્યું. લડત દરમિયાન પણ એમણે ઘણા બધા એવા કામો કર્યા કે જે કામો કરાવવામાં વર્ષોના વર્ષો જાય. માત્ર એક જ કામ મહિલાઓને સ્વાતંત્ર્યની લડતમાં જોડીને દારૂના પીઠા બંધ કરાવવા માટે પીકેટીંગની વાત હોય કે આડપેદાશ તરીકે મહિલાઓને ઘરની ચાર દિવાલોમાંથી બહાર લાવવાનું કામ હોય ગાંધીજીએ બહુ જ સરળતાથી આ કામ કરી નાખ્યું અને એટલે જ મહિલા ઉત્થાન ક્ષેત્રે કાર્યરત મહર્ષિ કર્વેજી એ કહ્યું હતું કે મહિલાઓના વિકાસ માટે અમે જે કામ ત્રણ ત્રણ દાયકાથી કરતા હતા પરંતુ સફળતા નહોતી મળતી એ જ કામ ગાંધીજીએ માત્ર ગણતરીના દિવસોમાં જ કરી દીધું.

ગાંધીજી અને તેમના કૂચ સૈનિકોએ આશ્રમથી જ્યારે દાંડી તરફ જવા માટે પ્રસ્થાન કર્યું ત્યારે હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ગાંધીજીની સાથે જ ચાલવા લાગ્યું હતું. ચંડોળા તળાવ સુધી મોટી સંખ્યામાં માણસો જોડાયા હતા આ હજારો નગરજનોને ગાંધીજીએ પાછાવળવા આગ્રહ કરતાં મહાત્માએ કહ્યું કે 'તમે બધા પ્રેમને વશ થઈને આવ્યા છો આગલી રાતે તો આશ્રમની આસપાસ પડી રહ્યા હતા. તમે મારા પર આટલો બધો પ્રેમ બતાવો છો તો તમે ખાદીનું કામ કરો, પરદેશી કાઢો, રેંટિયો ચલાવો, દારૂ છોડો અને બીજા પાસે પ્રેમપૂર્વક છોડાવો ,અંત્યજો સાથેનો ભેદભાવ ભૂલો. હું ક્યાં સુધી રહી શકીશ તે કહેવાય નહીં તોય તમારા બળે મારે છૂટવું છે'. પણ ગાંધીજીની પાછા ફરવાની વાત લોકોને ગળે ઉતરતી ન હતી. ગાંધીજીની અરજ છતાં પણ હજારો માણસો છેક અસલાલી સુધી સાથે જ રહ્યા.

અસલાલીમાં તેમણે કરેલા ભાષણમાં સરદાર સાહેબને યાદ કરતાં કહ્યું કે 'મારો અને સરદાર નો એક જ સંદેશ છે ગામડે ગામડે મીઠાના અન્યાય કરનો સંદેશો પહોંચાડવો છે'. આખા દેશમાં મીઠા ઉપર જુદો-જુદો કર લેવાય છે તે અન્યાય છે, એની સામે લડતમાં સૌથી પહેલા સરદારે ધરપકડ વહોરી છે. તેઓ જ્યારે જેલમાંથી આવશે ત્યારે તમારી પાસે હિસાબ માગશે, હિસાબ લેવાનો તેમને અધિકાર છે. ગાંધીજીએ કૂચ દરમિયાન રસ્તામાં આવતા દરેક ગામડામાં રહેતા સૌને આ ખાદી પ્રચારના માટે સ્વયંસેવકોની ભરતી કરવાની વાત કરી અને એક એક ગામમાંથી સોથી દોઢસો સૈનિકો અને તેમણે તૈયાર કર્યા હતા. 'શુકન જોઈને સંચરજો' એવા ભાવવાહી ગીતો સાથે ગામની બહેનો દીકરીઓ દાંડીકૂચના સાથીઓને સાથે વધાવતી હતી. અને સેનાપતિ દરેક ગામમાં પોતે જે ઈચ્છતા હતા તે વાતો રજૂ કરતા હતા અને બહુ પ્રેમપૂર્વક સરકારી હોદ્દાઓ છોડાવતા પણ હતા. આખા ગુજરાતમાં ચરોતર વિસ્તારમાં પોલીસ પટેલના હોદ્દાઓ તેમણે દાંડીકૂચ દરમિયાન બહુ સરળતાથી છોડાવી દીધા હતા. 'આજે હું કહું એ સ્વીકારીને તમે રાજીનામા આપી દો અને કાલે જઈને કલેકટરને કહેશો કે મહાત્મા આવ્યા એટલે રાજીનામાં આપવા પડ્યા અને હવે પાછા ખેંચી લઈએ છીએ, જો દબાણને વશ રાજીનામા આપ્યા હોય તો હજી પણ પાછા ખેંચી લેજો', એમ સ્પષ્ટ સમજાવીને જ તેમણે પોલીસ પટેલોના રાજીનામાં અપાવ્યા હતા.

ગાંધીજીના સાથી તરીકે મજા એ છે કે સરદારસાહેબને દાંડી કૂચનો વિરોધ હોવા છતાં એમણે ગાંધીજીના વિચારનું અનુશરણ કર્યુ અને પહેલવહેલી ધરપકડ પણ તેમણે જ વ્હોરી હતી.